



## ધાનેરા ગંજબજાર રોડ પર ગંદકી ખદબદી રહી છે ધાનેરા ભાજપના શહેર પ્રમુખ ચુપ કેમ ?

ધાનેરામાં ગંદકીનો માહોલ ઓછો થયો નથી ઠેર ઠેર ગંદકીથી મચ્છરો ઉદભવવા, થતાં અન્ય રોગચાળો ફાટે તેવી સંભાવના સેવાઈ રહી છે.ધાનેરા ગંજબજાર રોડ પર એક તરફ ટ્રાફિકની અવ્યવસ્થા જ્યાં ત્યાં પાણીનો ભરાવ અને લોકોને ચાલતા પણ કમકમી આવે તેવી ગંદકીનો ખડકાવ જોવા મળી રહ્યો છે. નવાઈની વાત તો એ છે કે ધાનેરાના ભાજપ શહેર પ્રમુખ અને વોર્ડ નં. ૬ના કોર્પોરેટર કાન્તિલાલ ત્રિવેદીની દુકાન આ રોડ પર આવેલ હોવાથી તેઓ પણ કાંઈ ધ્યાન આપતા નથી પછી બીજાનું કોણ સાંભળે.

# રાજ્યના ૧૧૦ ધોરીમાર્ગો બંધ, પાંચ સ્ટેટ હાઈવે બંધ

### એસટી બસ અને રેલવે સેવા ખોરવાતાં લોકો જબરદસ્ત હાલાકીમાં મૂકાયા : વરસાદી મેઘતાંડવ સામે તંત્ર લાચાર

અમદાવાદ, તા.૧૮

દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, સુરત સહિતના પંથકોમાં આજે આભ ફાટતાં જબરદસ્ત મેઘતાંડવ સર્જાયું હતું. વરસાદી મેઘતાંડવને પગલે આ પંથકોના વિસ્તારો ખાસ કરીને તમામ રોડ, રસ્તાઓ, જાહેરમાર્ગો અને રાજય ધોરી માર્ગો ઉંડા પાણીમાં ગરકાવ થઇ ગયા હતા. રાજયમાં આજે વરસાદી જળપ્રલયના કારણે ગુજરાતભરમાં આશરે ૧૧૦ ધોરીમાર્ગો તંત્ર દ્વારા બંધ કરવામાં આવ્યા હતા. જેમાં પાંચ સ્ટેટ હાઈવેનો પણ સમાવેશ થાય છે. પાંચ સ્ટેટ હાઈવે સહિતના ૧૧૦ ધોરીમાર્ગો બંધ થવાના કારણે આજે એસટી બસ સેવા તેમ જ ખાનગી ટ્રાવેલ્સની સેવાઓ ખોરવાઈ હતી પરિણામે, લોકો જબરદસ્ત હાલાકીમાં મૂકાયા હતા. તો બીજીબાજુ, પાણી ભરાયેલા કોઝ વે કે ધોરીમાર્ગો પર પસાર થવાનો પ્રયાસ કરનાર વાહનચાલકોને અકસ્માત અને વાહન સાથે પડવાના કિસ્સાઓ પણ નોંધાયા હતા. રાજયભરમાં આજે વરસાદી કહેરની સૌથી વધુ અસર વલસાડ, નવસારી અને સુરત જિલ્લાના પંથકોમાં જોવા મળી હતી. આ જિલ્લાઓમાં નદી-નાળા અને તળાવો છલકાયા હતા. વરસાદી પૂરના પાણી રસ્તાઓ, કોઝ વે, ધોરીમાર્ગો તેમ જ સ્ટેટ હાઈવે પર ફરી વળ્યા હતા.

વરસાદી જળપ્રલયના કારણે રાજયના કુલ ૧૧૦ ધોરી માર્ગો બંધ કરવામાં આવ્યા હતા. પ્રજાજનોની સુરક્ષાના કારણોસર તંત્ર દ્વારા આ ધોરીમાર્ગો બંધ કરવાનો નિર્ણય લઈ આ જિલ્લાઓ અને રૂટ પરથી પસાર થતી એસટી બસ સેવા અને રેલ્વે સેવા બંધ કરવામાં આવી હતી અને ડાયવર્ટ કરવામાં આવી હતી. વલસાડ રૂટ પરથી પસાર થતી મુંબઈ-અમદાવાદ રેલ વ્યવહારની પાંચ ટ્રેનો રદ કરવામાં આવી હતી તો, કેટલીય ટ્રેનો પાંચથી છ કલાક વિલંબિત થઈ હતી. વરસાદી પૂર અને જળપ્રલયને પગલે રાજયના પાંચ સ્ટેટ હાઈવે બંધ કરાતા મોટાભાગની એક્સપ્રેસ એસટી બસ સેવા ખોરંભે પડી હતી અને હજારો મુસાફરો રઝળી પડયા હતા. પાંચ સ્ટેટ હાઈવે બંધ કરાયા તેમાં કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગરના એક-એક અને વલસાડના બે સ્ટેટ હાઈવનો સમાવેશ થાય છે. સ્ટેટ હાઈવે બંધ થતાં તેની સીધી અસર માર્ગ અને પરિવહન સેવા પર પડી હતી. હજારો લોકોના શીડયુલ ખોરવાઈ ગયા હતા અને તેઓને ભારે હાલાકીનો ભોગ બનવું પડયું હતું કારણ કે, તેઓને એસટી નિગમની બસો સાથે ખાનગી ટ્રાવેલ્સની બસો કે વાહનો પણ શોધ્યાં જડતાં ન હતા.

# EDI ગાંધીનગરથી લોન્ચ થયો ‘બુસ્ટ યોર બિઝનેસ થ્રુ ફેસબૂક’

ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૨૧મી સદીમાં સોશ્યલ મિડીયાના માધ્યમથી લઘુ નાના-મધ્યમ ઊદ્યોગ-વ્યવસાયકાર યુવાઓને વિશ્વ વેપારની તક ઝડપી લેવા આહવાન કર્યુ છે.

આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યુ કે, સોશ્યલ મિડીયાના ફેસબૂક જેવા માધ્યમ પર વેપાર-કારોબાર વ્યવસાયના વ્યાપથી વિશ્વના કોઈપણ ખૂણે ઉપભોકતાને પ્રોડકટ-ઉત્પાદન પહોચાડવા યુવા સાહસિકો આઉટ ઓફ બોક્ષ થિંકીંગ કરે તે સમયની માંગ છે.

મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં એન્ટરપ્રેનીયોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડીયા ઈડીઆઈ અને ફેસબૂકના સંયુકત ઉપક્રમે ‘બૂસ્ટ યોર બિઝનેસ થ્રુ ફેસબૂક’નું લોન્ચીંગ કર્યુ હતું.

ઊદ્યોગ રાજયમંત્રી રોહિત પટેલ, ફેસબૂકના રિપ્રન્ઝટેટીવ રોહિત મહેતા, ઈડીઆઈના નિયામક સુનિલ શુકલા, ઊદ્યોગના અગ્ર સચિવ મનોજકુમાર દાસ, એમએસએમઈ કમિશ્નર રતન ચારણગઢવી સહિત યુવા ઊદ્યોગ સાહસિક તાલીમાર્થીઓ આમંત્રિતો આ લોન્ચીંગ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ અપેક્ષા વ્યકત કરી કે, આ લોન્ચીગને પરિણામે



આવનારા દિવસોમાં ૧ લાખ જેટલા સ્મોલ એન્ટરપ્રેનીયોર્સ ફેસબૂક પર પોતાનો વ્યવસાય વિકસાવીને ભારતીય અર્થતંત્રને નવું બળ આપશે.

પ્રધાનમંત્રીના મેઈક ઈન ઈન્ડીયા અને ન્યૂ ઈન્ડીયાના સંકલ્પને પણ આના પરિણામે વેગ મળશે તેવો વિશ્વાસ વિજય રૂપાણીએ વ્યકત કર્યો હતો.

ફેસબૂક રિપ્રઝન્ટેટીવ રોહિત મહેતાએ પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું કે, સૈકાઓ પહેલાં ગુજરાતીઓ સાત સમુંદર પાર કરીને-દરિયો ખેડીને વિદેશોમાં વેપાર માટે જતા હતા. તેમણે આ પ્રોજેકટથી ભારતભરના ૨૦ રાજ્યો અને ૧૦૦ શહેરોના ૨૦ હજારથી વધુ એમએસએમઈને લાભ મળી રહ્યો છે તેની પણ વિગતો આપી હતી. ફેકલ્ટી ડિન રમણ ગુજરાલે આભાર દર્શન કર્યુ હતું. મુખ્યમંત્રીએ ઈડીઆઈ કેમ્પસમાં વૃક્ષારોપણ પણ આ પ્રસંગે કર્યુ હતું.

# મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાતે શ્રમિકોના ટિફિન ભર્યા

### મુખ્યમંત્રીને ટિફિન ભરતાં જોઇ ઉપસ્થિત હજારો શ્રમિકો પણ ગદ્ગદ : શ્રમિક અન્નપૂર્ણા યોજનાને વધારે વિસ્તારાશે

અમદાવાદ, ૧૮

બાંધકામ શ્રમિકો માટે માત્ર રૂ.૧૦માં ભરપેટ સાત્વિક ભોજનની શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ઉદ્ઘાટન પ્રસંગ દરમ્યાન અખબારનગર સર્કલ પાસેના સ્ટોલ્સ ખાતે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જાતે બાંધકામ શ્રમિકોના ટિફિન ભરીને પોતાના લાગણીશીલ અને સરળ સ્વભાવનો પરિચય કરાવ્યો હતો. એક રાજયના મુખ્યમંત્રીને ગરીબ શ્રમિકોના ટિફિન ભરતાં જોઈ બાંધકામ શ્રમિકો પણ ગદ્ગદ બન્યા હતા. મુખ્યમંત્રીના આ અહોભાવને ઉપસ્થિત સૌકોઈએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો.

રાજય સરકારની શ્રમિક અન્નપૂર્ણા યોજનાના પ્રથમ તબક્કામાં રાજયના ૮૩ જેટલા કડિયાનાકાઓ પર શ્રમિક રોજગારોને રૂ.૧૦માં ભરપેટ પૌષ્ટિક અને સાત્વિક ભોજન આપવામાં આવશે. જો બાંધકામ શ્રમિકને ટિફિન લઈ જવું હોય તો ટિફિનમાં પણ ભોજન ભરી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ યોજનાના ઉદ્ઘાટન પ્રસંગે આજે અખબારનગર સર્કલ પાસેના



કડિયાનાકા ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જાતે માનવીય અભિગમ દાખવતા એક સામાન્ય માણસની જેમ ઉપસ્થિત શ્રમિકોની સેવા કરવાના ભાગરૂપે તેમણે જાતે હાથેથી ટિફિન ભરીને બાંધકામ શ્રમિકોને આપ્યા હતા. આ પ્રસંગે હાજર શ્રમિક કલ્યાણ બોર્ડના અધ્યક્ષ ડો.અનિલભાઈ પટેલ, મેયર ગૌતમભાઈ શાહ, નવાવાડજ વોર્ડના ભાજપના મંત્રી રમેશભાઈ ગીડવાણી સહિતના મહાનુભાવોએ મુખ્યમંત્રીના સરળ અને લાગણીશીલ સ્વભાવને જોઈ તાળીઓના ગડગડાટથી તેમની સહજતાને બિરદાવી હતી. તો, મુખ્યમંત્રીનો પ્રેમ અને આદર જોઈ બાંધકામ શ્રમિકો ખાસ કરીને મહિલા શ્રમિકો ગદ્ગદ થઈ ગઈ હતી. દરમ્યાન શ્રમિક કલ્યાણ બોર્ડના અધ્યક્ષ ડો.અનિલભાઈ પટેલે આ પ્રસંગે ઉપસ્થિત ત્રણ હજારથી વધુ બાંધકામ શ્રમિકોને શ્રમિક અન્નપૂર્ણા યોજના અને તેમને બીજા અનેક લાભો પહોંચાડતી સરકારની વિવિધ યોજનાઓ વિશેની માહિતી અને જાણકારી આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, આગામી સમયમાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાને વિસ્તારાશે અને રાજયના તમામ શ્રમિકો સુધી તેનો મહત્તમ લાભ પહોંચે તે માટેના પ્રયાસો થશે.



**પોંડિચેરીના ઉપરાજ્યપાલ સુશ્રી કિરણ બેદી વિજય રૂપાણીને મળ્યા**

મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની પોંડીચેરીના ઉપરાજ્યપાલ સુશ્રી કિરણ બેદીએ ગાંધીનગરમાં આજે સૌજન્ય મૂલાકાત લીધી હતી. સુશ્રી કિરણ બેદી ગુજરાતની રક્ષાશકિત યુનિવર્સિટી તેમજ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની મૂલાકાતે આવ્યા હતા. તેમણે આ બેય યુનિવર્સિટીમાં રક્ષા-સુરક્ષાના તેમજ સાયબર સિકયોરિટી સહિતના વિવિધ અભ્યાસક્રમોની ગહન જાણકારી આ મૂલાકાત દરમ્યાન મેળવી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની મૂલાકાત બેઠક દરમ્યાન પોંડીચેરીના ઉપરાજ્યપાલશ્રીએ તેઓ ગુજરાતની આ બે યુનિવર્સિટીની અભિનવ પહેલ અને અભ્યાસક્રમોથી અત્યંત પ્રભાવિત થયા હોવાનું જણાવ્યુ હતું. આ વેળાએ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાસનાથન ઉપસ્થિત રહ્યા હતા.

# આર્ટસ કોલેજ મોડાસામાં રાષ્ટ્રીયસેવા યોજનાનો પરિચય કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૧૮

શ્રી મ.લા. ગાંધી ઉ.કે. મંડળ સંચાલિત શ્રી એસ.કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ.એમ. આર્ટસ કોલેજ મોડાસામાં પ્રથમ વર્ષ બી.એ.માં એન.એસ.એસ.માં જોડાનાર વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન તથા નિયમિત તથા વાર્ષિક શિબિરની માહિતી, કોલેજમાં થતી સપ્તધારાની માહિતી તેમજ કોલેજનો પરિચય, જરૂરી માર્ગદર્શન આચાર્યએ માર્ગદર્શન આપ્યુ હતુ. તેમજ વર્ષ દરમ્યાન કરેલ પ્રવૃત્તિઓથી સ્વયંસેવકોને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મંડળના ઉપપ્રમુખ અને પ્રભારી મંત્રી મહેન્દ્રભાઈ શાહે વિદ્યાર્થીઓને સેવાકિય પ્રવૃત્તિથઈ વધુ જાગૃત થાય અને આગળ વધો એવી શુભેચ્છા પાઠવી હતી. તેમજ શિસ્તની બાબતમાં અનુરોધ કર્યો હતો. કા. આચાર્ય ડૉ. દિપક જોષીએ નવા જોડાયેલા તમામ વિદ્યાર્થીઓને જીવનમાં વધુને વધુ આગળ વધો એવી શુભેચ્છા પાઠવી હતી. મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદીએ વર્તમાનમાં આપણુ સ્થાન ટકી રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે કોલેજ પરિવાર ગણે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## નવી ઈનીંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન થયા બાદ હવે મતગણતરી ૨૦મી જુલાઈના દિવસે થશે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પણ કોવિંદ હોટફેવરિટ દેખાઈ રહ્યા છે પરંતુ ૨૦મીએ સત્તાવાર જાહેરાત થશે. આજે સવારે વેંકૈયાની ઉમેદવારી પ્રત્યે સમર્થન દર્શાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ, વિદેશ પ્રધાન અરૂણ જેટલી ઉપરાંત અન્ય કેન્દ્રિય પ્રધાનો પણ હતા. સાથે સાથે ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશી પણ પહોંચ્યા હતા. એનડીએના સાથી પક્ષોના કેટલાક નેતા પણ હાજર રહ્યા હતા. આજે ઉમેદવારી દાખલ કરવાના છેલ્લા દિવસે વેંકૈયાએ ઉમેદવારી પત્રો ભર્યા હતા.

## ભારે વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તો, અમદાવાદમાં બે કલાકમાં મેઘરાજાએ સમગ્ર શહેરને જાણે જળબંબોળ કરી ઘમરોળી નાંખ્યું હતું. શહેરના મોટાભાગના તમામ વિસ્તારો પાણીમાં ગરકાવ બન્યા હતા. આ જ પ્રકારે કચ્છ-સૌરાષ્ટ્ર પંથકના વિસ્તારોમાં પણ જોરદાર વરસાદી મહેર ચાલુ રહેવા પામી હતી. મોરબીના ટંકારામાં આજે વહેલી સવારથી શરૂ થયેલા તોફાની વરસાદે માત્ર ત્રણથી ચાર કલાકમાં જાણે બારે મેઘ ખાંગા કરી દીધા હતા. ટંકારાના હરબટીયાળી, મીતાણા, હરીપર, છતર, વાછકપર, સરાયા, બંગાવડી, ખાખરા, ઓટાળા, દેવળિયા સહિતના ૧૫ ગામોમાં ૧૨ ઈંચ જેટલો અતિભારે વરસાદ ખાબકતાં ટંકારા આખુંય જાણે ફરી એકવાર બેટમાં ફેરવાયું હતું. રાજયના દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને સુરત, વલસાડ, વાપી, નવસારી સહિતના પંથકોમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭થી ૧૨ ઈંચ સુધી વરસાદ ખાબકી જતાં જાણે આ પંથકોમાં આભ ફાટયુ હોય એમ સર્વત્ર જળપ્રલયની સ્થિતિમાં લોકો ફસાઈ ગયા હતા.

## ગોપાલકૃષ્ણ ગાંધી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીપીઆઈએમના મહાસચિવ સીતારામ યેચુરી ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસના ગોપાલકૃષ્ણ ગાંધીની પસંદગી કરવામાં આવ્યા બાદથી સ્પર્ધા વધારે તીવ્ર દેખાઈ રહી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓની સાથે સાથે અન્ય રાજકીય પક્ષોના નેતાઓની ઉપસ્થિતિ ખાસ જોવા મળી હતી. કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધ પક્ષે ઉપરરાષ્ટ્રપતિની ચૂંટણીમાં પણ સર્વસંમતિ દર્શાવી નથી અને ગાંધીને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કોંગ્રેસે દલિત નેતા મીરાકુમારને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો હતો.

## રાજકારણમાં ગરમાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિતર્ક તેમની પત્રકાર પરિષદ પછી વહેતા થયા હતા. જ્યાં તેઓ નિવૃત્તિનો વિચાર રજુ કરશે તેવી વાત ઘણા બધા કરતા હતા તો ક્યાંક ખુણે ખાંચરે બાપુની શક્તિ ઓછી આંકવાની ભૂલ કોંગ્રેસ ના કરે તેવી વાતો પણ સાંભળવા મળી હતી.

તેમણે તેમના ઘણા સાથીઓ નિવૃત્તિ લેવા માટે મનાઈ કરતાં એવુ કહી રહ્યા છે કે તમે તો કાર્યકરનો બળાપો કાઢવાનું સરનામુ છો તમે નિવૃત્ત નહિ પ્રવૃત્ત જ રહો.... ઘણા બધા સમર્થકો તેમને રાજ્યસભામાં જઈ રાષ્ટ્રકક્ષાએ ફરી પ્રવૃત્ત બનો તેવો આગ્રહ પણ કરી રહ્યા છે.

જો કે અત્યારે તો બાપુ ૭૭મી વર્ષગાંઠે જ તેમની ભાવિ કાર્યયોજના અંગેનો પડદો ઉચકવાના મૂડમાં છે. તેમણે હાલ કંઈ જ કહેવાનો કે સંકેતનો ઈન્કાર કરતાં ગુજરાતના રાજકારણમાં વધુ એક નવો સસ્પેન્શ ઉભો થવા પામ્યો છે.

## ૫૦૦ નંબરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અલબત્ત જુની સીરીઝના ગોલ્ડન તેમજ સિલ્વર કેટેગરીના નંબરો હજુ સુધી કોઈ વાહન માટે ફાળવવામાં આવ્યા નથી. જેના લીધે આર ટી ઓ તંત્ર દ્વારા આ સીરીઝના બાકી રહેતા નંબરોની ફરી હરાજી કરવાનો નિર્ણય લેવાયો છે. જુની સીરીઝના ૫૦૦ જેટલા નંબરો ફાળવવાના બાકી છે. અલબત્ત હરાજીની પ્રકીના અંતે આ નંબરો ફાળવામાં આવશે. જેમાં ટુ વ્હીલર , ફોર વ્હીલર તેમજ થ્રી વ્હીલર સહીત ટ્રાન્સપોર્ટના વાહનોનો પણ સમાવેશ થાય છે. આ મામલે જુની સિરીઝના બાકી નંબરોની હરાજીને વધુ અસરકારક બનાવવા માટે ડિલરોને પણ જાણ કરવામાં આવી છે. જયારે આગામી ગુરુવારે તા ૨૦ જુલાઈના રોજ હરાજીની પ્રકીયા હાથ ધરાશે. આર ટી ઓ અધિકારીના જણાવ્યા મુજબ એક જ વારની હરાજીના અંતે બાકી રહી ગયેલા નંબરોને અનુલક્ષી હરાજી કરવાનો નિર્ણય લેવાયો છે. જયારે આ નંબરોની ફાળવણીની પ્રકીયા પુર્ણ થાય તે માટે સતત મહીનાના પ્રથમ અને ત્રીજા શનિવારે હરાજી કરવાનો પણ નિર્ણય લેવાયો છે.

## મનમાનીથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એટલુ જ નહીં પરંતુ ઉદ્યોગકારોએ પણ વિના વાંકે લાખોનુ નુકશાન વેઠવુ પડયુ છે. કારીગરોનો પગાર માથે પડવાની સાથે મોટુ આર્થિક નુકશાન ભોગવવાની નોબત આવતા ઉદ્યોગકારોમાં પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. ટોરેન્ટની મનમાનીથી આગબબુલા બનેલા ઉદ્યોગકારો આ મામલે ટોરેન્ટ પાવર પાસેથી આર્થિક નુકશાનની વસુલાત કેમ ન કરવી તેવા પ્રશ્નાર્થ સાથે ઉદ્યોગકારો હવે ન્યાય મેળવવાના મુડમાં છે.

## પત્ર લખ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકવાર ચાર કાઉન્સીલરો દ્વારા આ મુદ્દે બે અલગ અલગ પત્રો લખી રજૂઆત કરવામાં આવતાં વિવાદ પુનઃ ઉખડવા પામ્યો છે એટલુ જ નહિ વધુ એક વખત કર્મચારીઓ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે ગજગ્રાહ ઉભો થશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો મુજબ ભાજપ દ્વારા જે અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે તેને લઈ પક્ષ પુનઃ વિવાદમાં આવ્યો છે. કર્મચારીઓ સાથે થયેલા સમાધાન પછી આ મુદ્દો ઉખેળી હવે શુ સિદ્ધ કરવાના પ્રયાસો હાથ ધરાયા છે તે બાબતો ચર્ચાનો મુદ્દો બની છે.

આ ચાર કાઉન્સીલરોએ લખેલો પત્ર મ્યુનિ. કમિશનરને પહોંચી ગયો છે અને હવે શું થાય છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

મનપાની કચેરીમાં આજે આખો દિવસ આ પત્ર જ ચર્ચાનો મુદ્દો બન્યો હતો.

## વિકાસ કામો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોય છે તે સ્થગિત કરવાની ફરજ પડી છે.

જીએસટીના મુદ્દે રાજયભરના કોન્ટ્રાકટરો હડતાલ પર ગયા છે અને આ એલાનને પગલે ગાંધીનગર શહેરમાં પણ વિકાસના કામો જે ચાલી રહ્યા છે તે સ્થગતિ થઈ જવા પામ્યા છે.

મનપાના કામો સ્થગિત થતાં તંત્ર આજે ઉભી થયેલી પરિસ્થિતિને ધ્યાને રાખી સમીક્ષા પણ કરી હોવાનું જાણવા મળેલ છે. મ્યુનિ. કમિશનરશ્રી અને સીટી ઈજનેરની બેઠકમાં આ અંગે સમીક્ષા થઈ હતી.

રંગમંચના રિનોવેશન ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના માર્ગોના કામ તેમજ કમ્પાઉન્ડ વોલના અને અન્ય કામો સાવ ઠપ્પ થઈ જવા પામ્યા છે.

## ટ્રાફિક જામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરના મુખ્ય માર્ગો પર ચક્કાજામ જોવા મળે છે. ત્યારે શહેરના રોડ નેટવર્કને અપગ્રેડ કરવાની સાથે યોગ્ય ટ્રાફિક નિયમનના અમલની અનિવાર્યતા ઉભી થઈ છે. આવા સંજોગોમાં નગરના સર્વિસ રોડ આસપાસ પણ અવનવા કોર્મશિયલ બિલ્ડીંગો બાંધવામાં આવતા ટ્રાફિકને લગતી નવી સમસ્યાઓ ઉદભવી છે. જેમાં પાર્કીંગનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. શહેરના કોર્મશિયલ કોમ્પલેક્ષો નજીક લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પર દબાણો યથાવત રહેતા સાંકડા સર્વિસ રોડ પર જ વાહનો ખડકી દેવાય છે. જેના લીધે સર્વિસ રોડ પરથી નિકળવાનુ કસોટીરૂપ બને છે. સે-૧૬ , સે-૧૧ અને સે-૨૧ માં આ સ્થિતિ શિરદર્દ સમાન બની છે. પરંતુ વાહનચાલકો તેમજ રાહદારીઓની આ હાલાકીને નિવારવા માટે કોઈ નક્કર પગલા લેવાતા નથી. જયારે હવે નવ વિકસિત વિસ્તારમાં ઘ-૨ નજીક સ્થિત અપના બજાર પાસે પણ નવા કોર્મશિયલ કોમ્પલેક્ષ અસ્તિત્વમાં આવ્યા છે. જયારે મોટાભાગના બિલ્ડીંગોમાં વ્યાપાર ધંધાની શરૂઆત થઈ ગઈ છે. આ ઉપરાંત આ વિસ્તારમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટેના વર્ગો પણ વિશેષ રીતે ધમધમતા હોવાના લીધે ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. બીજીતરફ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલા અદ્યતન બિલ્ડીંગોની આસપાસના વિસ્તારમાં લારી ગલ્લા સહીતના અનેક દબાણોનો અડ્ડો છે. ત્યારે પાર્કીંગ પ્લેસ પર સ્થિત દબાણોના લીધે મુલાકાતીઓ માટે વાહનો ક્યાં મુકવા તે મામલે પણ મુંઝવણમાં મુકાવવુ પડે છે. બીજીતરફ સર્વિસ રોડ વચાળે જ વાહનો પાર્ક કરી દેવાતા આખો દિવસ ટ્રાફિકને લગતા અનેક પ્રશ્નો ઉદભવે છે. સવારે અને સાંજના સમયે આ સર્વિસ રોડ ટ્રાફિક જામના લીધે માથાના દુખાવા રૂપ બને છે. આ વિસ્તારમાં અપના બજાર સહીત અન્ય પણ નવા કોર્મશિયલ કોમ્પલેક્ષો અસ્તિત્વમાં આવતા સર્વિસ રોડનુ પણ વાઈડનીંગ કરી દબાણો દુર કરીને પાર્કીંગ વ્યવસ્થા યોગ્ય થાય તેવુ આયોજન કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## રોપાઓનું વાવેતર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. જેના અંતે શહેરી વિસ્તારના મુખ્ય માર્ગોની આસપાસ વિવિધ કલરકોડ મુજબ વૃક્ષોની વાવણી કરી દેવામાં આવી છે. જયારે વનતંત્ર દ્વારા ગત વર્ષ દરમિયાન ૨૫ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. જયારે આ પૈકી મુર્ઝાયેલા ૭ હજાર જેટલા રોપાઓના ઠેકાણે પણ નવા રોપાઓ વાવી દેવાયા છે. સુત્રોના જણાંવ્યા મુજબ નવા રોપાઓની વાવણીના અંતે તેની યોગ્ય જાળવણી થાય તેમજ રોપાઓનુ બાળ મરણ ન થાય તે માટે પણ જરૂરી કાળજી લેવામાં આવશે તેમ પણ સુત્રો દ્વારા જણાંવાયુ છે.